ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિદ્યુત લોક્પાલ, ગુજરાત રાજ્ય,
પોલીટેક્નીક કમ્પાઉન્ડ, બેરેક નં.૩, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫

સમક્ષ

કેસ નં. ૮૪/૨૦૧૭

અરજદાર : શ્રી પ્રણયકુમાર નવિનચંદ્ર દલાલ
રહે. 'ઉર્મિલ' શ્રોફ સ્ટ્રીટ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં,
કિલ્લા પારડી. તા. પારડી. જી. વલસાડ.

રજૂઆત કરનાર: શ્રી પ્રણયકુમાર નવિનચંદ્ર દલાલ

વિરૂધ્ધ

સામાવાળા : નાયબ ઈજનેર,
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ,
પેટા-વિભાગીય કચેરી, પારડી. જી.વલસાડ.

રજૂઆત કરનાર: શ્રી વિજયભાઈ આર. પટેલ, નાયબ ઈજનેર, ડીજીવીસીએલ, પારડી.

::: રજૂઆત:::

૧.૦. અરજદારે, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ,સુરતના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની ફરિયાદ નં.૩૭/૨૦૧૭-૧૮ અન્વયે અપાયેલ હુકમ ક્રમાંક ૮૯૧૪ તા.૦૩.૦૬.૨૦૧૭ ના હુક્મથી નારાજ થઈ અત્રે રજૂઆત કરેલ છે. જે રજૂઆતને આ કચેરીના કેસ રજીસ્ટરે દાખલ કરી કેસ નં.૮૪/૨૦૧૭ થી નોંધેલ છે. આ કેસની સુનવણી તા.૧૯.૦૯.૨૦૧૭ ના રોજ રાખવામાં આવી.

૨.૦. સુનવણી દરમ્યાન અરજદારે નીચે મુજબ રજુઆત કરી.

૨.૧. અરજદારના ઘર વપરાશનું દ્વી માસિક વીજબીલ ગરમી સિવાયના દિવસોમાં આશરે રૂ.૧૮૦૦ થી રૂ.૨૦૦૦ આવતું હતું. સખત ગરમીના દિવસોમાં વીજબીલ રૂ.૮૦૦૦ થી રૂ.૯૦૦૦ સુધીનું આવતું હતું. અરજદારે જુલાઈ-ઓગસ્ટ,૨૦૧૨ થી મે-જુન,૨૦૧૩ના વીજબીલની નકલ રજૂ કરી.

૨.૨. જુલાઈ-ઓગસ્ટ,૨૦૧૩નું વીજબીલ રૂ.૫૬૪૨૯.૭૮ આવેલ જે અરજદારના વીજ વપરશ કરતાં વધુ પ્રમાણમાં હોવાથી તા.૦૭.૦૯.૨૦૧૩ના રોજ મીટરમાં ખામી હોવાની ફરિયાદ દાખલ કરેલ.

૨.૩. તા.૦૧.૧૦.૨૦૧૩ ના રોજ સામાવાળા વીજ કંપની દ્વારા મીટર બદલવામાં આવેલ. અરજદારે વીજબીલની રકમની સામે વાંધા સાથે રૂ.૮૦૦૦/- ભરપાઈ કરેલ.

૨.૪. અરજદારની ફરિયાદ અંગે સામાવાળા દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરાતાં તથા વીજબીલની રકમ ભરી દેવા વારંવાર તાકીદ કરવામાં આવતાં, અરજદારે તા.૩૦.૦૫.૨૦૧૭ ના રોજ ફોરમ સમક્ષ કેસ નં.૩૭/૨૦૧૭-૧૮ મુજબ ફરિયાદ દાખલ કરેલ. ફોરમના હુકમથી નારાજ થઈ અરજદારે નીચે મુજબના કારણો રજૂ કર્યા.

(૧) ફોરમે કોઈ કારણો દર્શાવ્યા વગર હુકમ કરેલ હોઈ, તે હુક્મ ભૂલ ભરેલો છે.

(૨) અરજદારની માહિતી મુજબ મીટરના MRI data ની ચકાસણી કરવી તે વીજ કંપનીની ફરજમાં આવે છે, જે દ્વારા જુલાઈ-ઓગસ્ટ,૨૦૧૩ દરમ્યાન મોટી રકમના વીજબીલ અન્વયે સામાવાળા વીજ કંપની માહિતી મેળવી શકેલ હોત.

(૩) નાયબ ઈજનેર, પારડીના પત્ર નં.૮૪૬ તા.૦૩.૦૩.૨૦૧૭મુજબ લેબોરેટરીના રીપોર્ટના આધારે મીટર ફાસ્ટ ફરતું હોવાનું ફલિત થયેલ છે, એટલે મીટરના MRI data મેળવી લેવાની કાર્યવાહી વીજ કંપનીની ફરજમાં હતી, તેમ છતાં મીટરના MRI data મેળવ્યા વગર સદર મીટરને scrap કરવામાં આવ્યુ હોય તો તે અંગેની જવાબદારી માત્ર વીજ કંપનીની છે. જે તે સમયે મીટરના MRI data ની વિગતો માંગવામાં આવેલ ન હતી. નાયબ ઈજનેરની આવી રજૂઆત તદ્દન ખોટી છે.

(૪) જે તે સમયે ગ્રહકોના વીજ જોડાણમાં Elster કંપનીના વીજ મીટરો મૂકવામાં આવેલ હતાં તે મીટરો ખામી યુક્ત હોવાથી તાકિદે બદલવા વીજ કંપનીને સૂચના આપવામાં આવેલ તેમ છતાં અરજદારના વીજ જોડાણ પરનું સદર કંપનીનું વીજમીટર બદલવામાં આવેલ નહીં, જે સામાવાળા કંપનીની ભૂલ છે.

(૫) સામાવાળા દ્વારા જે વીજબીલ આપવામાં આવેલ છે તે ખોટી ગણતરીને આધારે આપવામાં આવેલ છે. સામાવાળા વીજ કંપનીએ આપેલ લેબોરેટરી રીપોર્ટ અરજદારે માન્ય રાખેલ જ નથી જેથી ફોરમ દ્વારા કરેલ હુકમ ગેરકાયદેસરનો છે.

(૬) અરજદારના વીજ જોડાણ પરનું ક્ષતિયુક્ત મીટર બદલાવ્યા બાદ વીજ વપરાશનું બીલ પ્રમાણસર આવે છે, એટલે ક્ષતિયુક્ત મીટર દ્વારા દર્શાવેલ વીજ વપરાશની ગણતરી ખોટી હોય તેમ જણાય છે જેથી સદર વીજ વપરાશની રકમ ભરપાઈ કરવાની અરજદારની કોઈ જવાબદારી બનતી નથી.

(૭) જુલાઈ-ઓગસ્ટ,૨૦૧૩ પહેલાંના છ માસના બીલનું એવરેજ જોવામાં આવે, તેમજ નવેમ્બર-ડિસેમ્બર,૨૦૧૩ ના વીજબીલોની એવરેજ જોવામાં આવે તો સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે જુલાઈ-ઓગસ્ટ,૨૦૧૩ નું વીજબીલ કોઈપણ સંજોગોમાં રૂ.૫૬૪૩૦/- આવી

શકે નહી. જેથી કુદરતી ન્યાયના સિધ્ધાંતના આધારે ફોરમનો હુકમ રદ્દ થવાને પાત્ર છે.

(૮) ફોરમના હુકમ મુજબ બીલની રકમ ભરપાઈ કરવી પડે તો અરજદારને ઘણી મોટી રકમનું નુકસાન થાય તેમ છે જે માત્ર ને માત્ર વીજ કંપનીની દેખીતી ભૂલને કારણે અરજદારે ભોગવવી પડે તેમ છે.

૨.૫. ફોરમે કરેલ હુકમના અર્થઘટન માટે અન્ય જાણકારની સલાહ મેળવવાને કારણે સદર રજૂઆત કરવામાં વિલંબ થયેલ છે, જે માન્ય રાખી ફોરમનો હુકમ રદ્દ કરવા અરજદારે વિનંતી કરી.

૨.૬. અરજદારે તા.૦૪.૧૦.૨૦૧૭ ના રોજ ઉપર્યુક્ત વિગતો ફરી વખત રજૂ કરી ફોરમનો હુકમ રદ્દ કરવા વિનંતી કરી.

૩.૦. સુનવણી દરમ્યાન સામાવાળાએ નીચે મુજબ રજુઆત કરી.

૩.૧. અરજદાર, શ્રી પ્રણયકુમાર નવીનચંદ્ર દલાલ, ગામ પારડી ખાતે સામાવાળા કંપનીનું રહેણાંક વિષયક વીજ જોડાણ ગ્રાહક નં. ૦૫૮૫૮/ ૦૧૨૧૮/૩ થી ધરાવે છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં Elster કંપનીનું મીટર નં.૨૩૨૨૫૯૦ અરજદારના વીજ જોડાણ પર લગાવેલ હતું. અરજદાર દ્વારા સપ્ટેમ્બર,૨૦૧૩ ના વીજબીલ અંગે ફરિયાદ કરવામાં આવેલ જેથી તા.૦૧.૧૦.૨૦૧૩ ના રોજ સદર મીટર બદલવામાં આવેલ. સદર મીટરને તા. ૨૧.૦૨.૨૦૧૪ ના રોજ લેબોરેટરીમાં અરજદારની હાજરીમાં ચકાસવામાં આવેલ તેમજ મીટરનો Accuracy test પણ લેવામાં આવેલ, જેમાં મીટર તેની ગતી મર્યાદા કરતાં ૮.૬૫૨૨% ફાસ્ટ હોવાનું માલુમ પડેલ. લેબોરેટરી ચકાસણી રીપોર્ટમાં MRI report વિશે કોઈ ઉલ્લેખ કરેલ નથી.

૩.૨. લેબોરેટરી ચકાસણી મુજબ એપ્રીલ,૨૦૧૩ થી તા.૦૧.૧૦.૨૦૧૩, કુલ છ માસ, દરમ્યાન થયેલ વીજ વપરાશને ગણતરીમાં લઈ મીટરની ૮.૬૫૨૨% ફાસ્ટ ફરવાની ગતી લેખે ૮૬૭ યુનિટની રકમ રૂ. ૬૯૦૩.૦૨ અરજદારના ખાતામાં ફેબ્રુઆરી,૨૦૧૬ માં મજરે આપવામાં આવેલ, જેની જાણ નાયબ ઈજનેર, પારડી દ્વારા પત્ર નં.૫૪૧૭ તા.૩૧.૦૩.૨૦૧૬ થી અરજદારને કરવામાં આવેલ.

૩.૩. અરજદારે તા.૨૨.૦૩.૨૦૧૬ ના રોજ અરજી કરી સદર Elster make મીટરના MRI report ની માંગણી કરેલ. નાયબ ઈજનેર, પારડી દ્વારા પત્ર નં.૮૪૬ તા.૦૩.૦૩.૨૦૧૭ થી અરજદારને જણાવવામાં આવેલ કે લેબોરેટરી દ્વારા સદર મીટરને scrap કરી દેવામાં આવેલ હોઈ સદર મીટરનો MRI data મળી શકે તેમ ન હોવાથી અરજદારને આપી શકાય તેમ નથી.

૩.૪. અરજદારનો વીજ વપરાશ નીચે મુજબ છે.

Sr. No.	Month	Reading date.	Reading	Consum-Ption.
1	June billed in July-10	28.06.10	23022	1360
2	July-Aug. billed in Sept.-10	30.08.10	23862	840
3	Sept.-Oct. billed in Nov.-10	29.10.10	24752	890
4	Nov.-Dec. billed in Jan.-11	27.12.10	24752	0
			Average	773.00
5	Jan.-Feb. billed in March-11	25.02.11	24892	140
6	March-Apr. billed in May-11	29.04.11	25062	170
7	May-June billed in July-11	28.06.11	25247	185
8	July-Aug. billed in Sept.-11	31.08.11	25337	90
9	Sept.-Oct. billed in Nov.-11	29.10.11	25437	100
10	Nov.-Dec. billed in Jan.-12	29.12.11	25567	130
			Average	672.95
11	Jan.-Feb. billed in March-12	28.02.12	25677	110
12	March-Apr. billed in May-12	29.04.12	25752	75
13	May-June billed in July-12	01.07.12	27302	1550
14	July-Aug. billed in Sept.-12	29.08.12	28282	980
15	Sept.-Oct. billed in Nov.-12	20.11.12	29582	1300
16	Nov.-Dec. billed in Jan.-13	27.12.12	29912	330
			Average	724.00
17	Jan.-Feb. billed in March-13	05.03.13	30482	570
18	March-Apr. billed in May-13	02.05.13	31582	1100
19	May-June billed in July-13	06.07.13	32492	910
20	July-Aug. billed in Sept.-13	02.09.13	40498	8006
21	Sept.-Oct. billed in Nov.-13	01.11.13	654	1179
			Average	2353.00
22	Nov.-Dec. billed in Jan.-14	02.01.14	1304	650
23	Jan.-Feb. billed in March-14	12.03.14	1844	540
24	March-Apr.billed in May-14	05.05.14	3654	1810
25	July-Aug. billed in Sept.-14	01.10.14	8884	5230
26	Sept.-Oct. billed in Nov.-14	13.11.14	10554	1670
27	Nov.-Dec. billed in Jan.-15	29.12.14	11194	640
			Average	1757.00
28	Jan.-Feb. billed in March-15	05.03.15	11684	490
29	March-Apr.billed in May-15	01.05.15	13460	1776
30	May-June billed in July-15	22.06.15	16100	2640
31	July-Aug. billed in Sept.-15	02.09.15	18370	2270
32	Sept.-Oct. billed in Nov.-15	29.10.15	20610	2240
			Average	1883.00
33	Nov.-Dec. billed in Jan.-16	06.01.16	21800	1190
34	Jan.-Feb. billed in March-16	10.03.16	22133	333
35	March-Apr.billed in May-16	26.04.16	24253	2120
36	May-June billed in July-16	30.06.16	24253	1210

37	July-Aug. billed in Sept.-16	01.09.16	28940	4687
38	Sept.-Oct. billed in Nov.-16	26.10.16	30095	1155
39	Nov.-Dec. billed in Jan.-17	21.12.16	30880	785
			Average	1640.00
40	Jan.-Feb. billed in March-17	21.02.17	31405	525
			Average	525

૩.૫. (૧) અરજદારે પેરા નં.૨.૪(૨) તથા ૨.૪(૩) માં કરેલ રજૂઆત મીટરના MRI ના report અંગેની છે જે અંગે જણાવવાનું કે સદર મીટર લેબોરેટરી ચકાસણી દરમ્યાન તેની ગતી મર્યાદા કરતાં ૮.૬૫૨૨% ફાસ્ટ ફરતું માલુમ પડેલ છે. લેબોરેટરી રીપોર્ટ મુજબ મીટરને CT કે PT મળતી ન હોવાનું જણાયેલ નથી. મીટરનો લોડ સરવે ડેટા મહત્તમ ૧૮૦દિવસ સુધીનો રહેતો હોય છે, જ્યારે અરજદાર દ્વારા MRI report ની માંગણી આશરે બે વર્ષ બાદ કરવામાં આવેલ છે.

(૨) અરજદાર દ્વારા Elster make meter ખામી યુક્ત હોવાથી આ મીટરો બદલવા અંગેની સૂચના આપવામાં આવેલ છે તેવી રજૂઆત કરવામાં આવેલ છે, પરંતુ સામાવાળા વીજ કંપની દ્વારા આવી કોઈ સૂચના આપવામાં આવેલ નથી.

(૩) અરજદારની પેરા નં. ૨.૪(૩) માં કરેલ રજૂઆત મુજબ MRI data મેળવી તેની ચકાસણી કરવા અંગે કરેલ છે, જેથી મીટરના આંકડા ક્યારે જમ્પ થયા તે જાણી શકાય. સદર બાબતે સામાવાળાએ જણાવેલ કે સદર મીટર ઈલેક્ટ્રોનીક મીટર છે જેમાં મીટરના reading jump થવાની કોઈ શક્યતા હોતી નથી.

(૪) અરજદારના સદર મીટરનુંરીડિંગ તા.૦૨.૦૯.૨૦૧૩ના રોજ ૪૦૪૯૮ હતું, જ્યારે મીટર બદલ્યા તા.૦૧.૧૦.૨૦૧૩ના રોજ રીડિંગ ૪૧૦૨૪ હતું. આમ ૨૯દિવસમાં ૫૨૩ યુનિટનો વીજ વપરાશ નોંધાયેલ છે. જો મીટર રીડિંગ જમ્પ થતા હોય તો તા.૦૨.૦૯.૨૦૧૩ના રીડિંગ પછી મીટર બદલ્યા તા.૦૧.૧૦.૨૦૧૩ સુધીમાં પણ મીટર રીડિંગ જમ્પ થવા જોઈએ. પરંતુ સદર મીટર ઈલેક્ટ્રોનીક હોઈ મીટર રીડિંગ જમ્પ થયેલ નથી. જેથી અરજદારની મીટર રીડિંગ જમ્પ થવાની રજૂઆત સાચી નથી.

૩.૬. અરજદારના સદર વીજ જોડાણની તા.૦૨.૦૬.૨૦૧૭નારોજ ચકાસણી કરતાં અરજદારના વીજ સ્થાપન પર ૧૦.૯૧૨ કિ.વોટ વીજભાર જોડાયેલ માલુમ પડેલ, જ્યારે અરજદારનો કરારીત વીજભાર ૦.૫ કિ.વોટ છે. જોડાયેલ વીજભાર મુખ્યત્વે ચાર એરકન્ડિશનર નો છે. જેથી અરજદારના વીજ સ્થાપનના મીટરમાં નોંધાયેલ વીજ વપરાશ બરાબર છે.

૩.૭. અરજદારના વીજ મીટરની લેબોરેટરીમાં ચકાસણી મુજબ, મીટર તેની ગતી મર્યાદા કરતાં ફાસ્ટ ફરતું માલુમ પડેલ હોઈ, નિયમોનુસાર વીજબીલની રકમ અરજદારના ખાતામાં જમા આપવામાં આવેલ છે. જેથી સામાવાળા વીજબીલની બાકી રકમ અરજદાર પાસેથી વસુલવા હક્કદાર છે.

:::ચુકાદો:::

૪.૦. અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદારની હાલની રજૂઆત ઘર વપરાશ હેતુના વીજ જોડાણમાં વધુ પ્રમાણમાં નોંધાયેલ વીજ વપરાશના વીજબીલને લગતી છે. વર્ષ ૨૦૧૩ માં July-August billed in September,2013 માં ૮૦૦૬ યુનિટનો વીજ વપરાશ નોંધાયેલ છે, તેની સામે સદર રજૂઆત છે.

૪.૨. પેરા નં. ૨.૨ માં જણાવ્યા મુજબ અરજદારની મીટરમાં ખામી અંગેની ફરિયાદ મુજબ સામાવાળા દ્વારા તા.૦૧.૧૦.૨૦૧૩ ના રોજ મીટર બદલવામાં આવેલ છે તથા સદર મીટરની સામાવાળાની લેબોરેટરીમાં ચકાસણી પેરા નં.૩.૧ માં દર્શાવ્યા મુજબ કરવામાં આવેલ છે, જેમાં સદર મીટરની એક્યુરેસી લિમીટ (+)૮.૬૫૨૨ % દર્શાવવામાં આવેલ છે. અરજદારની મીટર અંગેની ફરિયાદ અન્વયે સામાવાળા દ્વારા સદર વિવાદિત મીટરને ચકાસીને તેની ગતિ મર્યાદાની નોંધ કરવામાં આવેલ છે.

૪.૩. સામાવાળા દ્વારા લેબોરેટરી ચકાસણી અહેવાલ મુજબ મીટરની ગતિ મર્યાદા જે ૮.૬૫૨૨% ફાસ્ટની નોંધ અન્વયે એપ્રીલ,૨૦૧૩ થી તા. ૦૧.૧૦.૨૦૧૩ ના સમયના કુલ છ માસના વીજ વપરાશને ધ્યાનમાં લઈને ૮૬૭યુનિટની રકમ રૂ.૬૯૦૩.૦૨ અરજદારના ખાતે ફેબ્રુઆરી,૨૦૧૬ માં જમા (મજરે) આપેલ છે. મીટર ચકાસણી બાદ સામાવાળા દ્વારા સદર કાર્યવાહી આશરે બે વર્ષના સમય બાદ કરવામાં આવેલ છે, જે અંગેનાં કારણો રજૂ કરેલ નથી. અરજદારે પણ સદર મીટરને લેબોરેટરીમાં ચકાસ્યા બાદ મીટરની ગતિ મર્યાદા ૮.૬૫૨૨% ફાસ્ટ ફરતી માલુમ હોવા છતાં જે તે મજરે મળવાપાત્ર યુનિટને વીજબીલમાં જમા આપવા અંગે સામાવાળાને અરજ કરેલ હોય તેવા કોઈ પુરાવા રજૂ કરેલ નથી. આમ સદર બાબત અંગે બંન્ને પક્ષકાર મૂક છે. ખરી રીતે સામાવાળાએ જે તે સમયે સદર વીજ યુનિટને ગણીને અરજદારના ખાતે જમા આપવા જોઈતા હતા, પરંતુ સામાવાળા દ્વારા તેમ કરવામાં આવેલ નથી. સામાવાળાની સદર કાર્યવાહી અંગે અરજદારે પણ અરજ કરેલ નથી.

૪.૪. હાલનો વધુ વીજ વપરાશનો પ્રશ્ન સામાવાળા દ્વારા ફેબ્રુઆરી,૨૦૧૬માં ૮૬૭ યુનિટ અરજદારના ખાતે સામાવાળાએ જમા આપ્યા બાદ ઉદ્દભવેલ છે. અરજદારે જે તે વખતની મૂળ ફરિયાદ સપ્ટેમ્બર,૨૦૧૩ ના વીજબીલ માટે કરી હતી જેમાં સામાવાળા દ્વારા અરજદારનું મીટર બદલાવીને ઉપર જણાવ્યા મુજબ મીટરની ચકાસણી પણ કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.૨૨.૦૬.૨૦૧૬ ના રોજ અરજદાર દ્વારા સદર મીટરના ચકાસણી રીપોર્ટની માંગણી કરવામાં આવેલ છે તેમજ સદર મીટરના MRI report ની માંગણી કરવામાં આવેલ છે તથા સદર મીટરમાં એક્યુરેસી રીઝલ્ટ પ્રમાણે વધુ નોંધાયેલ વીજ યુનિટ અરજદારના સ્થળે મીટર લગાવ્યા તારીખથી મજરે આપવા માટે અરજ કરવામાં આવેલ છે. તથા વિલંબીત ચાર્જ જે વીજબીલમાં લગાડવામાં આવે છે, તે ખોટી રીતે લગાડવામાં આવતો હોઈ, સદર રકમ મજરે આપવા અરજ કરવામાં આવેલ છે.

૪.૫. તા.૩૧.૦૩.૨૦૧૬ ના નાયબ ઈજનેર, પારડી પેટા-વિભાગીય કચેરીના પત્ર મુજબ ગ્રાહક નં. ૦૫૮૫૮/૦૧૨૧૮/૩ માં લેબોરેટરી રીપોર્ટ નં.૧૪૧૧/૨૧.૦૨.૨૦૧૪ અન્વયે મીટરના એક્યુરેસી રીઝલ્ટ મુજબ મીટર તેની ગતિ મર્યાદા કરતાં ૮.૬૫૨૨% ફાસ્ટ ફરવા અંગે ૮૬૭ યુનિટ પેટે રૂ.૬૯૦૩.૦૨ અરજદારને જમા આપવામાં આવેલ છે. લેબોરેટરી રીપોર્ટ તથા વીજબીલની ગણતરી પત્રક અરજદારને રજૂ કરવામાં આવેલ છે.

૪.૬. GERC Supply Code,2005, Clause No. 6.1.8 મુજબ સામાવાળા દ્વારા મીટરની ગતિ મર્યાદામાં મળેલ અવલોકન મુજબ મહત્તમ છ માસના સમય માટે મીટરની ચકાસણીથી અગાઉના છ માસ માટેનો વીજ યુનિટ અરજદારને તેઓના વીજ જોડાણના ખાતામાં જમા આપવામાં આવેલ છે, જે નિયમ અંતર્ગત હોઈ સદર યુનિટ અરજદારને મજરે મળવા પાત્ર યોગ્ય છે.

૪.૭. અરજદારે તા.૨૨.૦૩.૨૦૧૬ના પત્ર દ્વારા સદર વિવાદિત મીટર,કે જે વર્ષ૨૦૧૩ માં સામાવાળા દ્વારા બદલવામાં આવેલ છે જેની ચકાસણી લેબોરેટરીમાં તા. ૨૧.૦૨.૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ છે, જેમાં હાજર રહેલ હોવા છતાં જે તે સમયે સદર મીટરના MRI report ની માંગણી કરેલ હોય તેવું જણાતું નથી. સામાવાળા દ્વારા સદર મીટરનો MRI report મેળવામાં આવેલ નથી, તથા સદર મીટરને સ્ક્રેપ કરવામાં આવેલ છે તેમ જણાવવામાં આવેલ હોઈ સદર મીટરનો MRI report મળી શકે તેમ નથી. અરજદારની સદર માંગણી મીટરની ચકાસણી વખતે કરેલ ન હોઈ, હાલમાં સમય વ્યતિત થયેલ હોઈ, સ્વિકારવાપાત્ર નથી.

૪.૮. અરજદારના સદર મીટરને બદલાવ્યા બાદ તથા તે મીટરની લેબોરેટરીમાં ચકાસણી થયા બાદ જે તે વીજ યુનિટ, મીટરની ગતિ મર્યાદાના રીપોર્ટ મુજબ સામાવાળાએ અરજદારને મજરે જમા આપેલ નથી.

જુલાઈ-ઓગસ્ટ, ૨૦૧૩ ના વીજબીલની રકમ રૂ.૫૬,૪૨૯.૭૮ ની સામે અરજદારે રૂ.૮૦૦૦/- વાંધા સાથે ભરપાઈ કરીને સદર મીટરની ખામીયુક્ત અંગેની ફરિયાદ સપ્ટેમ્બર, ૨૦૧૩ થી ચાલુ હોવાનું ગણાવીને સદર વીજબીલનાં નાણાં ભરવા અસમર્થતા દર્શાવેલ છે તથા વિલંબીત ચાર્જ મજરે આપવા અરજ કરેલ છે.

ખરી રીતે વિલંબીત ચાર્જની રકમ સામાવાળા દ્વારા જે તે વિવાદીત મીટરના લેબોરેટરીમાં ચકાસણી થયા બાદના બિલીંગ સાઈકલમાં જે તે મળવાપાત્ર વીજ યુનિટ મજરે આપીને વીજબીલને સુધારવુ જોઈએ, તેમ નહી કરીને સામાવાળાએ સદર હાલની ફરિયાદનો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

આથી સામાવાળાને આદેશ કરવામાં આવે છે કે વિલંબીત ચાર્જની ગણતરી જે તે યુનિટ અરજદારને જે તે સમયે મળવાપાત્ર થતા હતા તે મુજબ ગણતરી કરીને વિલંબીત ચાર્જ વસુલ કરવો.

૪.૯. અરજદારના વીજ જોડાણનો કરારીત વીજભાર ૦.૫ કિ.વો. છે, જ્યારે સ્થાપિત વીજભાર પેરા નં. ૩.૬ માં દર્શાવ્યા મુજબ ૧૦.૯૧૨ કિ.વો. છે. અરજદારને સૂચિત કરવામાં આવે છે કે વીજ સ્થાપન પર જોડેલ વીજભાર મુજબ સામાવાળાને અરજી દાખલ કરીને કરારીત વીજભાર સ્થાપિત વીજભારની ક્ષમતા મુજબ મંજૂર કરાવવો.

૪.૧૦. અરજદારની સદર વિવાદીત મીટર કંપની Elster અંગેની રજૂઆતનો સામાવાળા વીજ કંપની દ્વારા પેરા નં. ૩.૫(૧) માં જવાબ પાઠવામાં આવેલ છે. અરજદારે સદર રજૂઆત અંગે ઠોસ પુરાવા રજૂ કરેલ નથી.

૪.૧૧. અરજદારની વધુ વીજ વપરાશ અંગેની રજૂઆત અન્વયે અરજદારનો વીજ વપરાશ પેરા નં. ૩.૪ માં દર્શાવ્યા મુજબ ચકાસતાં એવરેજ વીજ વપરાશ વર્ષ ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨ માં ક્રમશ: ૭૭૩, ૬૭૩ તથા ૭૨૪ યુનિટ જણાય છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં ૨૩૫૩ યુનિટ છે તથા મીટર બદલાવ્યા બાદ પણ વર્ષ ૨૦૧૪ માં ૧૭૫૭ યુનિટ, વર્ષ ૨૦૧૫ માં ૧૮૮૩ યુનિટ, વર્ષ ૨૦૧૬ માં ૧૬૪૦ યુનિટ નોંધાયેલ છે. ૦.૫ કિ.વો. કરારીત વીજભાર મુજબ ઘર વપરાશના વીજ જોડાણમાં સદર નોંધાયેલ વીજ વપરાશ દ્વિમાસિક વીજ વપરાશ મુજબ શક્ય નથી. અરજદાર શરૂઆતથી જ ૦.૫ કિ.વો. કરારીત વીજભાર કરતાં વધુ વીજભાર સ્થાપિત કરીને વીજ વપરાશ

કરતા માલુમ પડેલ છે. સદર સંજોગોમાં અરજદારને પાઠવવામાં આવેલ વીજબીલ મીટરમાં નોંધાયેલ વીજ વપરાશને અનુરૂપ હોઈ, સદર વીજબીલની રકમ અરજદારે ભરવાપાત્ર છે.

૪.૧૨. ફોરમ દ્વારા સદર કેસમાં વિલંબીત કાર્યવાહી હેઠળ સામાવાળાના જવાબદાર અધિકારી સામે શિસ્ત ભંગના પગલાં લેવા સૂચન કરેલ છે, જેનો અમલ કરવા તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરી વિગતવાર અહેવાલ દિન ૯૦ માં આ કચેરીને કરવા સૂચિત કરવામાં આવે છે.

૪.૧૩. આ હુકમની નકલ સામાવાળાના મુખ્ય ઈજનેર, કોર્પોરેટ ઓફિસ, સુરતને પણ મોકલી આપવી. ફોરમના હુકમમાં પેરા નં. ૮ માં કરેલ નોંધ અન્વયે બિલીંગ વિષયક બાબત અંગે ગંભીરતા હેઠળ જરૂરી સુધારાત્મક પગલાં લેવા કાર્યવાહી કરવા સામાવાળાના મુખ્ય ઈજનેરને સૂચિત કરવામાં આવે છે.

૪.૧૪. આથી આ રીતે પેરા નં. ૪.૧૧, ૪.૧૨ તેમજ ૪.૧૩ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૧૫. ખર્ચ અંગે કોઇ ચુકાદો નથી.

૪.૧૬. અરજદારની અરજી/રજૂઆત આ સાથે ફેંસલ કરવામાં આવે છે.

(દિલીપ રાવલ)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા. ૩૦.૧૦.૨૦૧૭.